# સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી સજ્જડ બંધ

## અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન નિર્માણમાં આડેધડ ડાયવર્જન, ટ્રક-ટ્રેલર પલટાતા ૨ ના મોતથી આક્રોશ





દિલ્હીથી મુંબઈને જોડતો, અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન બનાવવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે સાથે અનેક જગ્યાએ રોડ ખોદવામાં આવ્યો હોવાની સાથે હાઈવે પર ઠેર ઠેર ડાયવર્જન પણ આપવામાં આવ્યા છે હાઈવે પર દોડતા વાહનો ડાયવર્જનના પગલે અચાનક સામ સામે આવી જતા નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે શામળાજી બસ સ્ટેન્ડ નજીક ટ્રક-ટ્રેલર પલટી જતા અકસ્માતની ઘટનામાં એક ૭ વર્ષીય માસુમ બાળક સહીત ૨ લોકોના મોત નિપજતા શામળાજી પંથકમાં સિક્સલેનની કામગીરીમાં આડેધડ અપાયેલ ડાયવર્જનના પગલે વારંવાર બનતી અકસ્માતની ઘટના બનતા રવિવારે શામળાજીના ગ્રામજનોએ સ્વયંભૂ સજ્જડ બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો.

શનિવારે સાંજના સુમારે રાજસ્થાન તરફથી આવતું ટ્રક-ટ્રેલર શામળાજી બસ સ્ટેન્ડ નજીક પલટી જતા રોડ નજીક આવેલા ૬ થી ૭ કેબિનનો કચ્ચરઘાણ વળી ગયો હતો જેમાં શામળાજીના મીત સંજયભાઈ કટારા( ઉં.વર્ષ-૭) અને સુરેશભાઈ દાનજીભાઈ અસોડા (ઉં.વર્ષ-૪૬) નું ટ્રક-કન્ટેનર નીચે દટાઈ જતા મોત નિપજતા હાહાકાર મચ્યો હતો શનિવારે ટ્રક-કન્ટેનરે સર્જેલા અકસ્માતના પગલે શામળાજીના ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો હતો અને શામળાજી પંથકમાં બેફામ વાહન હંકારતા અકસ્માતની ઘટનોમાં નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડતા અમદાવાદ-ઉદેપુર ને.હા.નં -૮ પર ચક્કાજામ કરતા જિલ્લાની પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગ્રામજનોને સમજાવી મામલો થાળે પાડી ટ્રાફિકજામ પૂર્વરત કરાવ્યો હતો.

શામળાજી નજીક ડાયવર્જનના લીધે ટ્રક-ટ્રેલર પલ્ટી ખાઈ કેબિનો પર ફરી વળતા અકસ્માત થતા બંને મૃતકોના પરિવારને યોગ્ય ન્યાય મળે અને નેશનલ.હા.નં-૮ પર શામળાજી વિસ્તારમાં નિયમ પ્રમાણે ડાયવર્જન બનાવવામાં આવે રોડ પર પડેલા ખાડાઓનું સમારકામ હાથધરાવાની અને દિશાસૂચન બોર્ડ લગાવવામાં આવેની માંગ સાથે સજ્જડ સ્વયંભૂ બંધ રાખી નેશનલ હાઈવે ઓથોરિટી સામે વિરોધ નોંધાવ્યો હતો.

### મોડાસા ટાઉનહોલમાં શ્રી સમસ્ત ગુજરાત ભ્રહ્મસમાજનો સ્નેહમિલન કાર્યક્રમ

અરવલ્લી જીલ્લા બ્રહ્મ સમાજ ના ઉપક્રમે સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ રાજ્ય કક્ષા નુ પ્રથમ સ્નેહ મિલન મોડાસા ખાતે યોજાયું હતું , મોડાસાના મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે આયોજિત બ્રહ્મ સમાજના સ્નેહ મિલન કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લામાંથી આશરે બે હજાર થી વધુ ભૂદેવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં વસવાટ કરતા તમામ ભૂદેવો માટે બ્રહ્મ હેલ્થ કાર્ડનું વિતરણનું પણ આયોજન કરવામાં આવ્યું, હતું જેમાં પાંચસો વધુ પરિવારે તેનો લાભ લીધો હતો. અરવલ્લી જિલ્લામાં આયોજિત સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાતના કન્વીનર યજ્ઞેશ ભાઈ દવે, લુણાવાડા ના ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક તથા હાસ્ય અને લોક સાહિત્યકાર પંકજ દવે ઉપસ્થિત રહ્યા હતા. અરવલ્લી જીલ્લા બ્રહ્મ સમાજ ના પ્રમુખ ભદ્રેશ ભાઈ ઉપાધ્યાય અને પરશુરામ ગ્રુપ મોડાસા ની યુવા ટીમ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### બનાસકાંઠા જિલ્લા વી.એચ.પી.ના અધ્યક્ષનું દુઃખદ અવસાન

બનાસકાંઠા જિલ્લા વિશ્વ હિન્દૂ પરિષદ ના પ્રમુખ કાંતિભાઈ પુરોહિતનું દુઃખદ નિધન થતા હિન્દૂ સંગઠનોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે. બનાસકાંઠા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રખર રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા હિન્દુત્વવાદી નેતા કાંતિભાઈ પુરોહિતનું ગત મોડી સાંજે અચાનક દુઃખદ અવસાન થયું છે. સદગતના દુઃખદ અવસાનથી વિશ્વ હિન્દૂ પરિષદ સહીત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને તેની ભગીની સંસ્થાઓના કાર્યકરોએ આઘાત સાથે આંચકો અનુભવ્યો હતો. સદાય હિન્દુત્વવાદી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનાર કાંતિભાઈ પુરોહિતના અચાનક અવસાનથી હિન્દૂ સમાજને ભારે ખોટ પડી છે.

### શ્રી બત્રીસી પુરોહિત યુવક મંડળ દ્વારા પાલનપુર પુરોહિત ભવનમાં રહેતા વિદ્યાર્થીઓનો રમોત્સવ

શ્રી બત્રીસી પુરોહિત યુવક મંડળ દ્વારા પાલનપુર પુરોહિત ભવન માં રહેતા વિદ્યાર્થીઓ નો રમહોત્સવ યોજાયો જેમાં મંડળ ના પ્રમુખશ્રી રામજીભાઈ વકીલ અને મહામંત્રી અમૃતભાઈ પુરોહિત તથા મંડળ ના પૂર્વ મહામંત્રી ગણપતભાઈ પુરોહિત,હોસ્ટેલ ના ગૃહપતિ હિતેશભાઈ તેમજ મોટી સંખ્યા માં સમાજ ના આગેવાન હાજર રહ્યા હતા સમાજ ના વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન મળે તેમજ તેમના અંદર રહેલી રમત ગમત સ્કિલ બહાર આવે તે હેતુથી આ રમતમહોત્સવ યોજવા માં આવ્યો હતો જેમાં ખો-ખો,કબડ્ડી,દોડ,લાંબી કુદ, ક્રિકેટ જેવી રમતો રાખવા માં આવી હતી.

**મોડાસાના નહેરુંકંપા નજીક હીટ એન્ડ રનની ઘટના**

## કારે બે બાઈકને અડફેટે લેતા એકનું મોત : ખલીકપુર પાસે કાર-પીકઅપ ડાલુ વચ્ચે અકસ્માતમાં ૧ નું મોત

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિકના નિયમનો ઉલાળિયો કરી વાહનચાલકો બેફામ વાહન હંકારતા નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકોને અડફેટે લેતા જીવ ગુમાવવો પડી રહ્યો છે મોડાસાના નહેરુંકંપા પાસે હીટ એન્ડ રનની ઘટનામાં કારચાલકે બે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે પ્રાણપંખેરું ઉડી ગયું હતું અન્ય એક ગમખ્વાર અકસ્માત કોલીખડ પાસે સર્જાયો હતો જેમાં કાર અને પીકઅપ ડાલુ સામસામે ભટકતા કાર સવારનું ઘટનાસ્થળે મોત નિપજતા હાહાકાર મચ્યો હતો બે જુદા-જુદા અકસ્માતમાં બે લોકોના મોત નિપજતા મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

મોડાસા-હિંમતનગર રોડ પર આવેલા નહેરુપુરા કંપા નજીક હિટ એન્ડ રનની ઘટના બની હતી જેમાં આઈ-૨૦ કારના ચાલકે બે બાઈકને અડફેટે લેતા બાઈક સવાર એક શખ્શનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી ગઢા ગામના મંગાભાઈ કોદરભાઈ રાવળ તેમની બાઈક લઈ મોડાસાથી તેમના ઘર તરફ પરત ફરી રહ્યા હતા મોડાસા તરફથી આઈ-૨૦ કારના ચાલકે તેમની બાઈકને પાછળ થી ટક્કર મારી અન્ય બાઈકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાતા મંગાભાઈ રાવળના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અન્ય બે લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અકસ્માતના પગલે મૃતકના સગા-સંબંધીઓ



દોડી આવી આક્રંદ કરી મૂક્યું હતું અકસ્માતના પગલે મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શનિવારે સાંજના સુમારે મોડાસા નજીક અમદાવાદ-મોડાસા રોડ પર કોલીખાડ ગામ નજીક કોલીખડ પાસે વધુ એક અકસ્માત સર્જાયો હતો પીકઅપ જીપ ડાલું અને કાર વચ્ચે અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું ખંભાતના કારમાં પસાર થતા પરિવારના સદસ્યને અકસ્માતમાં મોત નીપજ્યું હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી જયારે કારમાં સવાર અન્ય ત્રણ વેક્તિ ઈજાગ્રસ્ત થતા સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા હતા મોડાસા પોલીસે ડાલાના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી

### પાલનપુર રેલવે સ્ટેશન નજીક ટ્રેનમાંથી બે મુસાફરોના મોબાઈલ પાકીટની ચોરી

પાલનપુર રેલવે સ્ટેશન નજીક બે જુદીજુદી ટ્રેનોમાં ચોરીની ઘટનાઓ પ્રકાશમાં આવી હતી. જેમાં એક ટ્રેનમાંથી મહિલાનું પાકીટ અને મોબાઈલ તેમજ બીજી ટ્રેનમાંથી મુસાફરનો મોબાઈલ ફોન ચોરાયો હતો. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે રેલવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર રેલવે સ્ટેશન નજીક પસાર થઈ રહેલી ચેન્નઈ – પાલી ટ્રેનમાં મુસાફરી કરતાં ઈન્દીરા દેવી સૂઈ રહ્યા હતા. દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ તેમના માથા નીચે મુકેલું રૂપિયા ૧૦૦૦ રોકડ, બે સોનાની અંગુઠી તેમજ મોબાઈલ ફોન અને અગત્યના ડોક્યુમેન્ટ ભરેલું પર્સ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે તેમણે પાલનપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે જોધપુર – હુબલી ટ્રેનમાં સૂઈ રહેલા જગદીશ પરમાર જ્યારે પાલનપુર રેલવે સ્ટેશને જાગ્યા ત્યારે તેમનો મોબાઈલ ફોન ચોરી થયેલો હતો. આ અંગે તેમણે પાલનપુર રેલવે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. બંને ફરિયાદોના આધારે રેલવે પોલીસે ગૂનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.

## કાંકરેજના બલોચપુરા ગામેથી ગાંજાની ખેતી એસઓજીએ ઝડપી

**પાલનપુર એસઓજીની ટીમે ૨૦.૬૭૫ કિલો ગાંજા સાથે ખેતર માલિકની કરી ધરપકડ**

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના બલોચપુરા ગામેથી પાલનપુર એસઓજીની ટીમે બાતમી આધારે રેડ કરી ગાંજાની ખેતી ઝડપી પાડી છે.



બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં આવેલા બલોચપુરા ગામે એક ખેતરમાં ગાંજાના છોડ વાવી ખેતી કરવામાં આવી રહી છે. તેવી માહિતી આધારે પાલનપુર એસઓજીની ટીમે રેડ કરી હતી. જેમા પોપટજી ઠાકોર નામના ઈસમના ખેતરમાંથી ગાંજાના છોડ ઝડપાયા હતા. જેમાં પાલનપુર એસઓજીની ટીમે ૨૦.૬૭૫ કિલો ગાંજા રૂ.૧.૨૪ લાખના મુદ્દામાલ સાથે ખેતર માલિકની ધરપકડ કરી છે અને આ બાબતે શિહોરી પોલીસ મથકે ઉપરોક્ત શખ્સ સામે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લામાં ખેતરોમાં કેટલાક લોકો નશીલા પદાર્થોની ખેતી કરી રહેલ હોય તેમની સામે કડક પગલા ભરવા જિલ્લા પોલીસવડાની સૂચના આધારે આજે એસઓજીની ટીમે રેડ કરતા ગાંજાની ખેતી ઝડપાઈ જવા પામી હતી.

## પાલનપુરમાં અલગ-અલગ સ્થળોએ જુગાર રમતાં ૯ જુગારીયા ઝડપાયા

પાલનપુરમાં લોકલ ક્રાઈમ બ્રાંચ અને પૂર્વ પોલીસ મથકની ટીમે ગત સાંજે બે અલગ



સ્થળોએ ઓચિંતી રેડ કરી હતી. જ્યાં જુગાર રમતાં ૯ જુગારીયાઓને ઝડપી લીધા હતા. જેમની પાસેથી કુલ રૂપિયા ૫૨૯૨૦નો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એચ. પી. પરમારને મળેલી બાતમીના આધારે સ્ટાફના દિગ્વિજયસિંહ, નરેશભાઈ, મહેશભાઈ, વદુજી, અમરસિંગ, શંકરભાઈ, દિનેશભાઈ, ઓખાભાઈ સાથે વડલીવાળાપરા વિસ્તારમાં ભરતભાઈ રાવલના મકાનમાં ઓચિંતો છાપો માર્યો હતો. જે મકાન ભાડે લઈ જુગાર રમાડતાં મનોભાઈ રમેશભાઈ કુવારીયા તેમજ જુગાર રમતાં પાલનપુરના ભરતભાઈ પરથીભાઈ ડાભી, ચીરાગભાઈ જીતેન્દ્રભાઈ મંડોરા, રાહુલભાઈ બબાભાઈ કુવારીયા અને પ્રણવભાઈ જયંતિભાઈ પરમારને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રૂપિયા ૨૮,૪૦૦, રૂપિયા ૧૮,૦૦૦ના મોબાઈલ ફોન નંગ. ૪ મળી કુલ રૂપિયા ૪૬,૪૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

જ્યારે પૂર્વ પોલીસ મથકની ટીમે બરફની ફેકટરી નજીક જુગાર રમતાં પાલનપુરના જાવીદભાઈ મુરાદભાઈ શેખ, શાહરૂખ ઈકબાલ સલાટ, પ્રતાપ ઉર્ફે પોપ અને સોહીલ સિંધીને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૧૫૨૦ રોકડા, રૂપિયા ૫૦૦૦ના મોબાઈલ ફોન નં. ૧ મળી કુલ રૂપિયા ૬૫૨૦નો મુદ્દામાલ કબ્જે કરી તમામની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આમ, પોલીસે જુગારના બે કેસોમાં કુલ નવ શખ્સોને ઝડપી લઈ કુલ રૂપિયા ૫૨૯૨૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

**મેઘરજ જર્જરિત સરકારી હોસ્પિટલનું નવીનીકરણ**

## વૈકલ્પિક વ્યવસ્થા ન થતા દર્દીઓ ઠંડીમાં ઠુંઠવાતાં સારવાર લેવા મજબુર

અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ મેઘરજમાં સરકારી હોસ્પિટલ નું હાલ નવીનીકરણ થઈ રહ્યું છે. જોકે આદિવાસી અને પછાત વિસ્તાર એવા મેઘરજમાં ગરીબ લોકો માટે સરકારી દવાખાનુ મોડાસા સિવાય ન હોઈ મેઘરજ સરકારી હોસ્પિટલમાં દર્દીઓ નો ધસારો અત્યારે પણ ચાલુજ છે. દર્દીઓ ને દાખલ કરવા માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા માં આવી નથી જેથી દર્દીઓને પંટાગણમાં બહાર પર ઈલાજ કરાવવા મજબુર બન્યા છે.

ડીસેમ્બર માસની કડકડતી ઠંડીમાં બિમાર દર્દીઓને મેઘરજ રેફરલ હોસ્પિટલની બહાર આંગણમાં ઈલાજ ચાલી રહ્યો છે.



આદિવાસી વિસ્તારના ગરીબ લાચાર અને મજબુર લોકો ઈલાજ આ દવાખાનાનો ઉપયોગ કરે છે ત્યારે ગરીબ દર્દીઓ આવી કડકડતી ઠંડીમાં બહાર રાત ગુજારી રહ્યા છે, ત્યારે તંત્ર ની આંખો કેમ ખુલતી નથી? આરોગ્ય ના નામે લાખો કરોડો નો ધુમાડો કરનારી સરકાર મેઘરજ માં દર્દીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા માં સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

મહિલા સુરક્ષા ની વાતો કરતી સરકાર એ જણાવે કે જો ડિલિવરી ના કેસ આવશે તો એમને પણ આવી જ રીતે બહાર દાખલ કરવા માં આવશે? આ બાબતે ડોક્ટર નો સંપર્ક કરવા નો પ્રયાસ કરાયો તો હાજર સ્ટાફે જણાવ્યું કે ડોક્ટર હાજર નથી.

પછાત વિસ્તાર એવા મેઘરજ તાલુકા ની જનતા બહોળા પ્રમાણ માં આ સરકારી દવાખાના નો ઉપયોગ કરે છે,જેથી તંત્ર એ વિચારવું જોઈકે હોસ્પિટલના નવીનીકરણ પહેલાં દર્દીઓ માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા માં આવે. આ ઉપરાંત દર્દીઓ માટે શૌચાલય ની પણ વ્યવસ્થા નથી જેથી દર્દીઓ અને સાથે આવેલા પરિજન ને ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો છે.

ડોક્ટર તેમજ સ્ટાફ માટે સુવ્યવસ્થિત વિકલ્પો છે પરંતુ ગરીબ દર્દીઓ ઠંડીમાં ઠુઠવાઈ રહ્યા છે. તંત્ર ની આંખ ખુલે અને ગરીબ દર્દીઓ ને વૈકલ્પિક વ્યવસ્થા ફળવાય એ જરૂરી છે.

## પાલનપુરમાં પ્રૌઢની કપડાની થેલીને ચેકો મારી તફડંચી

પાલનપુર શહેરના ગુરૂનાનક ચોક સ્થિત બેંક ઓફ બરોડામાંથી એક પ્રૌઢ રૂપિયા ઉપાડી કાપડની થેલીમાં મુકી ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન રિક્ષામાં બેઠેલા અજાણ્યા શખ્સે થેલીને ચેકો મારી રૂપિયા ૫૦,૦૦૦ સેરવી લીધા હતા. આ અંગે પ્રૌઢની ફરિયાદના આધારે પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલનપુર શહેરના બનાસડેરી માર્ગ નજીક રહેતા હિરાલાલ લલ્લુરામ ભટ્ટ બે દિવસ અગાઉ ગુરૂનાનક ચોક સ્થિત બેંક ઓફ બરોડામાંથી તેમના ખાતામાં થી રૂપિયા ૬૦,૦૦૦ ઉપાડ્યા હતા. જે એક કપડાંની થેલીમાં મુક્યા હતા. અને ઘરે જવા માટે પેસેન્જર રિક્ષામાં બેઠા હતા. જે રિક્ષામાં બેઠેલા ચાર અજાણ્યા શખ્સો પૈકી કોઈએ કપડાંની થેલીને ચેકો મારી રૂપિયા ૫૦,૦૦૦ સેરવી લીધા હતા. ઘરે જઈને જોતા થેલીમાં નાણાં ન હોઈ પોલીસને જાણ કરી હતી. જોકે, નાણાંની ચોરી કરનારનો કોઈ પત્તો ન મળતાં આખરે પોલીસે ગૂનો નોંધી તેમનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.